**647510** **0101201C1042** **Seat No :________**

# B.A. Semester - 2 (*CBCS*) Examination
## March/April - 2024 (As Per Syllabus Year-2016)
## GUJ. P4 SARJAN LEKHAN KAUSHAL-2 (CORE)

**Time: 2:30 Hours** **Marks: 70**

**Instructions:**

1. All questions are compulsory.
2. Figures to the right indicate marks.

---

પ્રશ્ન.૧ નીચે આપેલ ગદ્યખંડનું વિવરણ કરો. (૧૪)

એક અરીસા ઉપર જો કચરો અને ધૂળ જામી ગયાં તો એમાં આપણું પ્રતિબિંબ જોઈ શકાતું નથી. અજ્ઞાન અને દુષ્ટતા આપણા હૃદયના અરીસા ઉપર કચરા અને ધૂળ સમાન છે. જેમાં આપણે આપણી જાતનો જ સૌથી પ્રથમ વિચાર કાઢીએ છીએ. તે સ્વાર્થીપણું એ મોટામાં મોટું પાપ છે. જે એમ વિચારે છે કે, હું પહેલો ખાઈ લઈશ, હું બીજાઓ કરતાં વધુ ધન મેળવીશ અને બધું મારી પાસે જ રાખીશ, જે એમ વિચારે છે કે, બીજાઓની પહેલાં હું સ્વર્ગે જઈશ, બીજાઓની પહેલાં હું મુક્તિ મેળવીશ, તે મનુષ્ય સ્વાર્થી છે. નિ:સ્વાર્થી મનુષ્ય કહે છે કે, હું છેલ્લો રહીશ હું સ્વર્ગમાં જવાની દરકાર રાખતો નથી, વળી જો નરકે જવાથી પણ મારા ભાઈઓને હું મદદરૂપ થઈ શકું તો હું નરકે જવા પણ તૈયાર છું. આ નિ:સ્વાર્થવૃતિ જ ધર્મની કસોટી છે.

-સ્વામી વિવેકાનંદ

અથવા

પ્રશ્ન.૧ કલા એ પ્રત્યાયનની પ્રક્રિયા છે. એ વાત સાચી છે. પરંતુ કવિ ભાવકને શું પહોચાડે છે? અનુભવનો સાર? અનુભવનું રહસ્ય? અનુભવનો બોધ? નર્યો જ નહિ એ પહોચાડે છે, આકૃતિ સમેત અનુભુતિ. અનુભુતિએ લીધેલો આકાર ભરતી પેટે આરોહ-અવરોહમુક્ત કોઈ વિશિષ્ટ આકારમાં જ આવે છે. આ અનુભુતિ થઈ એમાં કવિચિતની લાક્ષણિકતા હશે. પણ સર્જકતા નથી હોતી. એ તો હોય છે, એ જયારે અનુભુતિને કોઈ માધ્યમમાં કોઈ આકાર વિશેષમાં પ્રકટ કરે છે, તે વિશિષ્ટ પ્રક્રિયામાં એટલે સર્જકતાનો પ્રશ્ન એ માધ્યમ દ્વારા અભિવ્યક્તિનો પ્રશ્ન બની રહે છે.

-'ઉશનસ'

પ્રશ્ન.૨ નીચેના ગદ્યખંડનું સંક્ષેપીકરણ કરો. (૧૪)

"આપણા દેશના અત્યાર સુધીના જીવન ઉપર નજર નાખીએ તો એક વસ્તુ ઊડીને આંખે વળગે છે. આ દેશ તપસ્યાને ઓળખે છે. હિંદને કોટી-કોટી બહુજન સમાજ તપસ્યાને આંખને ઈશારે ઓળખી જાય છે. આ આવડી વિશાળ દેશને તપસ્યા જ એક કરી શકે છે. ગાંધીજીની એક જન્મજયંતિ પ્રસંગે રવીન્દ્રનાથે કહેલુ કે પ્રજા જીવન ઉપર ગુલામીના પ્રમાદના થર ઉપર થર જામ્યા હતા. તેને મહાત્માની તપસ્યા વગર કોણ ધોઈ શક્ત? તપસ્યાનો હું બહુ બહોળો અર્થ કરૂ છું. કેવળ પોતાને માટે અથવા પરાણે અન્યને માટે માણસ સહન કરે છે ત્યારે તે એને માટે તપ હોય છે. જયારે પ્રેમપૂર્વક એ અન્યને માટે સહન કરે છે ત્યારે તે તપ બને છે. પ્રજાની થોડીઘણી પણ વિભૂતિઓમાં તપસ્યાનો પ્રકર્ષ પ્રગટે છે ત્યારે આખી પ્રજામાંથી પણ તપસ બહાર આવે છે. તપસ્યા એ એકાંત્મતાની ગંગોત્રી છે."

-ઉમાશંકર જોશી

અથવા

પ્રશ્ન.૨ સિધ્ધાંત અને વ્યવહાર વચ્ચે હંમેશા ઘણું અંતર રહે છે. આ જગત અનેક વિસંવાદોથી ભરેલું છે. એ વિસંવાદને આ કે તે વિચાર વ્યવસ્થાથી દૂર કર્યાનો દાવો જમાને જમાને કરવામાં આવે છે. પણ આવા દાવા પરિસ્થિતિને વધારે વિસંગત બનાવે છે. અધિકૃત વાસ્તવિકતા અને વર્તમાન પરિસ્થિતિ વચ્ચે સંઘર્ષનો ચાલ્યા જ કરશે. આવા ધૂંધળા હવામાનમાં સ્થિર દષ્ટિએ જોનારા કવિની જરૂર છે. એનું કામ ખોટી હૈયાધારણ આપવાનું નથી.

એ તો જમાનાની બધી સિન્થેટીક બનાવટ જેવી જ પુરવાર થાય એવું બને.

-સુરેશ હ જોશી

પ્રશ્ન.૩ વિરામચિન્હો એટલે શું? સમજાવી તેના વિશે વિસ્તૃત લખો. (૧૪)

અથવા

પ્રશ્ન.૩ નીચેના વાક્યોમાં વિરામચિન્હો મૂકી ફરીથી લખો.

(૧) બેટા હીરબાઈ આહી આવતી રહે

(૨) ખેલ ખલાસ થયો ભેગા થયેલા લોકો વીખરાઈ ગયા

(૩) ગાંધીજીએ કહ્યુ ખરાબ અક્ષરો અધુરી કેળવણીની નિશાની છે

(૪) માડી પછેડી લાવ્ય ગાંસડી બાંધીએ

(૫) કાઠીઓમા આ કઢી ચટાપણું કયાંથી પેઠું ભાઈ

(૬) વાહ ધન્ય છે તારી ટેકને

(૭) તમે મારી વાત સાંભળો છો કે

(૮) ગિરનાર જાણે કે પ્રકૃતિનું રૂપ

(૯) તું કેટલો લેવાઈ ગયો છે ઓળખાતો ય નથી

(૧૦) ગાંધીજીની આત્મકથા સત્યના પ્રયોગો તમે વાંચી છે

પ્રશ્ન.૪ સમાસ એટલે શું? સમજાવી, ઉપપદ સમાસ અને કર્મધારણ સમાસ વિશે નોંધ લખો. (૧૪)

અથવા

પ્રશ્ન.૪ નીચેનામાંથી કોઈપણ સાત સમાસનો વિગ્રહ કરી ઓળખાવો.

(૧) દૈવાધીન (૨) કપોલકલ્પિત (૩) દેવાલય (૪) પીતાંબર (૫) ખુશખબર

(૬) શુચક્રપાણિ (૭) સુખાંત (૮) અગમબુદ્ધિ (૯) હરિણાક્ષી (૧૦) પાણીપંથો

પ્રશ્ન.૫ નીચે આપેલા રૂઢિપ્રયોગોનો અર્થ આપી વાકય બનાવો. (૧૪)

(૧) કક્કો ખરો, કરવો

(૨) કાગની ડોળે રાહ જોતા

(૩) ખાંડાની ધારે ચાલવુ

(૪) ગાડું ગબડવું

(૫) છાપરે ચડવું

(૬) ટાઢા પહોરનું

(૭) બે પાંદડે થવું

અથવા

પ્રશ્ન.૫ નીચે આપેલી કહેવતોનો અર્થ સમજાવો.

(૧) ન બોલ્યામાં નવ ગુણ

(૨) ભાગ્યશાળીને ભૂત રળે

(૩) મન હોય તો માળવે જવાય

(૪) ઉલમાંથી ચૂલમાં પડવું

(૫) એક પંથ દો કાજ

(૬) પાડાના વાંકે પખાલીને ડામ

(૭) પોથીમાના રીંગણા

************************